બિડાણઃ (૧) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા.૦૫.૦૫.૨૦૧૭ નો પત્ર શેરા ક્રમાંક / પરચ ૧૧૨૦૧૭–૪૯૫–મ–૩

(૨) ગુજરાત સરકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૪.૦૪.૨૦૧૭ નો ઠરાવ ક્રમાંકઃ બજટ–૧૦–૨૦૧૫–૮૫૬૬૫૦–ય

**વિષય :** : ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે યાત્રાધામોના દર્શન માટેની ''શ્રવણ તીર્થદર્શન યોજના''.

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ ૬૦૩૮-૮૭ /૨૦૧૭.** **તારીખ : ૦૧ /૦૬/૨૦૧૭.**

**સામેલઃ** ઉપર મુજબ.

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

__નકલ સવિનય રવાનાઃ__– અત્રેની યુનિવર્સિટીના નવસારી કેન્દ્ર ખાતેના તમામ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ

__૨/– સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૫.૦૫.૨૦૧૭ ના પત્ર સાથેના બિડાણ કરેલ ગુજરાત સરકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૪.૦૪.૨૦૧૭ ના ઠરાવ અન્વયે જાણ થવા સારૂ.__

શેરાક્રમાંક : પરચ- ૧૧૨૦૧૭- ૪૯૫ -મ-3
કૃષિ,સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫ - ૫ -૨૦૧૭

પ્રતિ,

વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓની કચેરીઓ, બોર્ડ, નિગમ, કૃષિ યુનિવર્સીટી પરિષદ.

( એન. ડી. વાઘેલા )
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ: ઉપર મુજબ

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૩૯૫૦
24 MAY 2017
એડીએમ-૩ શાખા

Circulate on web.

A32
23/5

23/5

કૃષિ અને સહકાર વિભાગ
૨) ક્રમાંક
2 APR 2017
૨૫૬૧૦૯

ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે યાત્રાધામોના દર્શન માટેની "શ્રવણ તીર્થદર્શન યોજના".

ગુજરાત સરકાર

~~ઉદ્યોગ અને ખાણ વિભાગ~~

ઠરાવ ક્રમાંક- બજટ-૧૦-૨૦૧૫-૮૫૬૬૫૦-ય

સચિવાલય, ગાંધીનગર,

તારીખ: ૨૪/૪/૨૦૧૭

<u>પ્રસ્તાવના:-</u>

ભારતની અને દુનિયાની સંસ્કૃતિમાં તીર્થયાત્રા ખાસ મહત્વ ધરાવે છે. દરેક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન અને ખાસ કરીને વૃધ્ધાવસ્થા દરમ્યાન એકવાર પવિત્ર સ્થળોએ યાત્રા કરવાની ઇચ્છા રાખતા હોય છે પરંતુ આર્થિક મર્યાદાઓને લીધે કેટલાક લોકો આવી ઇચ્છા પૂરી કરી શકતા નથી. આ બાબત ધ્યાનમાં રાખીને વરિષ્ઠ નાગરિકોને ગુજરાતમાં આવેલ તીર્થસ્થાનોના દર્શન કરવાની તક મળે તે માટેની યોજના અમલમાં મૂકવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના વરિષ્ઠ નાગરિકોને ગુજરાતનાં તીર્થસ્થાનોના દર્શનનો લાભ મળે તે માટે "શ્રવણ તીર્થદર્શન યોજના" અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. <u>યોજનાનું નામ:-</u>
આ યોજનાનું નામ "શ્રવણ તીર્થદર્શન યોજના" રહેશે.

૨. <u>યોજનાનો ઉદ્દેશ:-</u>
આ યોજનાનો ઉદ્દેશ ગુજરાતમાં વસવાટ કરતાં વરિષ્ઠ નાગરિકો (૬૦ વર્ષ કે તે ઉપરની વ્યક્તિઓ)ને રાજ્યમાં આવેલ તીર્થસ્થાનોની યાત્રા માટે સરકારી સહાય પુરી પાડવાનો છે.

૩. <u>યોજનાનો અમલ:-</u>

આ યોજનાનો અમલ તા.૦૧/૦૫/૨૦૧૭થી કરવાનો રહેશે.

૪. <u>તીર્થસ્થાન જવા માટેની પાત્રતા:-</u>

આ યોજના હેઠળ અરજદાર નીચેની શરતો પરિપૂર્ણ કરતા હોવા જોઇએ.

(૧) ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા હોય તેવા સિનીયર સિટીઝનને જ લાભ મળવાપાત્ર રહેશે.

(૨) અરજદાર અરજીની તારીખે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના હોવા જોઇએ.

(3) પતિ પત્ની એક સાથે યાત્રા કરતાં હોય તો બે પૈકી એકની ઉંમર અરજીની તારીખે ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જોઇએ.

(૪) આ યોજના હેઠળ લાભ લેવા માટે યાત્રાળુઓના સમૂહની અરજી માન્ય ગણાશે. વ્યક્તિગત અરજી માન્ય ગણાશે નહી. ઓછામાં ઓછા ૪૫ વ્યક્તિઓ યાત્રા માટે સમુહમાં અરજી કરે તેને સમુહની અરજી ગણવામાં આવશે.

(૫) એક વ્યક્તિને <u>પ્રત્યેક નાણાંકીય વર્ષમાં એક વાર લાભ મળવાપાત્ર</u> રહેશે.

૫. <u>સહાય:-</u>

1. **ગુજરાતના યાત્રાધામોના બે રાત્રિ અને ત્રણ દિવસ સુધીના પ્રવાસની મર્યાદામાં** આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે.
2. ગુજરાતના યાત્રાધામોના દર્શન માટેની આ યોજનામાં એસ.ટી.ની. સુપર બસ (નોન એ.સી.)નું ભાડુ અથવા જો ખાનગી બસ ભાડે લીધેલ હોય તો ખાનગી બસનું ભાડું બેમાંથી જે ઓછુ હોય તેની ૫૦% રકમ સહાય તરીકે મળવાપાત્ર રહેશે.
3. જો યાત્રા એ.સી. બસમાં કરી હશે, તો પણ સુપર બસના ભાડાની ૫૦% રકમ મળવાપાત્ર થશે.
4. જો ૨ રાત્રિ અને ૩ દિવસની મર્યાદા કરતા વધુ યાત્રા કરી હશે, તો પણ ઉપર દર્શાવ્યા મુજબ ૨ રાત્રિ અને ૩ દિવસ સુધીના પ્રવાસની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

૬. <u>અરજીની પ્રક્રિયા:-</u>

(૧) અરજી બે નકલમાં સામેલ પરિશિષ્ટ-૧ મુજબ કરવાની રહેશે.

(૨) અરજી સાથે બે પાસપોર્ટ સાઇઝના રંગીન ફોટા રજૂ કરવાના રહેશે.

(૩) અરજી સાથે ઉંમરના અને રહેઠાણના પુરાવા માટે નીચે જણાવેલ દસ્તાવેજો પૈકી કોઇ એક દસ્તાવેજની "સ્વપ્રમાણિત નકલ" જોડવાની રહેશે.

1. આધારકાર્ડ
2. ચુંટણીકાર્ડ
3. પાસપોર્ટ
4. ~~રેશનકાર્ડ.~~
5. ડ્રાઇવીંગ લાયસન્સ.

(૪) અરજીમાં જે નામ દર્શાવેલ હોય તે વ્યક્તિ જ યાત્રા કરી શકશે. તે પોતાની સાથે અરજી ન કરી હોય તેવી બીજી કોઇ વ્યક્તિને સાથે લઇ જઇ શકશે નહી.

(૫) અરજી જે પરબિડિયામાં મોકલવામાં આવે તે પરબિડિયા પર "શ્રવણ તીર્થદર્શન યોજના વર્ષ ____ માં યાત્રા માટે અરજી" એમ લખવાનું રહેશે.

(૬) વ્યક્તિઓનો સમૂહ અરજી કરે તેને એક અરજી ગણવામાં આવશે. સમુહનો એક અરજદાર અથવા માન્ય ટ્રાવેલ એજન્ટ મુખ્ય વ્યક્તિ ગણાશે.

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના માન્ય એજન્ટ અથવા ગૃપ દ્વારા બુક કરાવેલી એસ.ટી. બસ અથવા ખાનગી ટ્રાવેલ્સની બસમાં પ્રવાસ કરી શકાશે અને આવી બસમાં વૃધ્ધાશ્રમના કાર્યકરો, રજીસ્ટર્ડ ડોકટર/કમ્પાઉન્ડર/હેલ્પર કે રસોઇયા જેઓની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોય તેવા મહત્તમ ૫ (પાંચ) વ્યક્તિઓ પ્રવાસ કરી શકશે.

(૮) બસની કેપેસીટીના ઓછામાં ઓછા ૯૦% પ્રવાસીઓ હોય તો જ તે બસ માટે પુરતી સંખ્યાના પ્રવાસીઓ ગણવામાં આવશે અને બસની ફાળવણી કરવામાં આવશે.

(૯) ૭૫ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ જો એકલા પ્રવાસ કરતી હોય તો તેઓની સાથે એક એટેન્ડન્ટને તે ૬૦ વર્ષથી નીચેની ઉંમરના હોય તો પણ લઇ જઇ શકશે.

(૧૦) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની <u>પરિશિષ્ટ-૪ માં દર્શાવેલ ૧૬ વિભાગીય કચેરીઓ ખાતે શ્રવણ તીર્થદર્શન યોજના અંગેની અરજીઓ સ્વીકારવામાં આવશે</u>. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રત્યેક વિભાગીય કચેરીમાં એક એક્ઝીકયુટીવની નિમણૂંક કરવામાં આવશે, જે એસ.ટી. બસ મારફતે પ્રવાસની તથા ખાનગી બસ મારફતે પ્રવાસની અરજીઓ સ્વીકારશે અને તેની મંજુરી આપશે.

(૧૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ બસ ભાડાની ૫૦ % રકમ લઇને બસનું બુકિંગ કરશે અને પ્રવાસ પૂરો થયા બાદ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને રીએમ્બર્સમેન્ટની દરખાસ્ત કરશે. બોર્ડ આ રકમ સીધેસીધી ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના બેંક એકાઉન્ટમાં જમા કરાવશે.

(૧૨) માન્ય ટ્રાવેલ એજન્ટ અથવા મુખ્ય વ્યક્તિએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના પ્રવર્તમાન નિયમો મુજબની સિક્યોરીટી ડીપોઝીટ એસ.ટી. નિગમમાં જમા કરાવવાની રહેશે, જે રીફંડેબલ રહેશે. યાત્રા પૂર્ણ થયા બાદ નિગમના નિયમો અનુસાર ડીપોઝીટની આ રકમ પરત કરવામાં આવશે.

(૧૩) જો તમામ યાત્રાળુઓના આધાર નંબર ઉપલબ્ધ હોય તો, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને **Appendix-3** માં દર્શાવેલ નમુનામાં ઓનલાઇન અરજી કરી શકાશે, અને મંજૂરી પણ ઓનલાઇન આપવામાં આવશે. આ મંજૂરીના આધારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ બસની ફાળવણી કરશે અથવા ખાનગી બસ ભાડે કરવાની રહેશે.

(૧૪) જો કોઇ સેવાભાવી સંસ્થા, વૃધ્ધાશ્રમના સિનીયર સિટીઝનોને યાત્રાએ લઇ જવા માંગતા હોય તો, તે સંસ્થા પોતાની બસમાં આવો પ્રવાસ કરી શકશે. વૃધ્ધાશ્રમના સિનીયર સીટીઝનોની દેખરેખ માટે સંસ્થાના વધુમાં વધુ બે પ્રતિનિધિને લઇ જઇ શકશે, જેમના માટે ઉંમરનો કોઇ બાધ રહેશે નહી.

(૧૫) આવા પ્રવાસમાં વૃધ્ધ યાત્રાળુઓની તબીબી દેખભાળ માટે બસમાં કોઇ રજીસ્ટર્ડ ડોક્ટર કે કમ્પાઉન્ડરને સાથે લઇ જવા માંગતા હોય તો તેઓ માટે ઉંમરનો કોઇ બાધ રહેશે નહી, પરંતુ તેઓએ સારવારની કીટ સાથે રાખવાની રહેશે. પ્રત્યેક બસમાં એક ડોક્ટર અને એક કમ્પાઉન્ડર (જો તેઓ ૬૦ વર્ષથી નીચેની વયના હોય તો પણ) સમાવી શકાશે, તેથી વધુ નહી.

(૧૬) જો ખાનગી બસ મારફતે પ્રવાસ કરવામાં આવ્યો હોય તો, આવા પ્રવાસના પુરાવારૂપે બસના યાત્રીઓ સાથેનો એક ફોટોગ્રાફ જે તે બસનો નંબર સ્પષ્ટ દેખાય તે રીતે અચુક રજુ કરવાનો રહેશે, તથા જે યાત્રાધામમાં પ્રવાસે ગયા હોય તે યાત્રાધામમાંથી આ પ્રવાસ અંગેનું સહી - સિક્કા સાથેનું પરિશિષ્ટ-૨ મુજબનું પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવાનું રહેશે. આવા કિસ્સામાં ૫૦% સહાયની રકમ માન્ય એજન્ટ અથવા ગૃપના

વડાના બેંક એકાઉન્ટમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સીધી જ જમા કરાવવામાં આવશે.

(૧૭) જો ખાનગી બસ GPS સીસ્ટમ સાથેની હોય, તો તેઓએ ઉપર્યુક્ત ક્રમ (૧૬)માં દર્શાવેલ પુરાવાઓને બદલે માત્ર GPS ડેટા લોગની કોપી જોડવાની રહેશે.

(૧૮) પ્રવાસ માટેની બસની આગળ અને પાછળની બંને બાજુએ **"ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગુજરાત સરકારના સહયોગથી"** એ પ્રમાણે ૧૦૦ મીટર દૂરથી વંચાય એવા મોટા અક્ષરોમાં બેનર લગાવવાનું રહેશે.

(૧૯) અરજી સંપૂર્ણ વિગતો સાથેની નહીં હોય તો તે નામંજૂર કરવામાં આવશે. આ અંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

(૨૦) અરજીમાં યાત્રા ક્યારે કરવા માંગે છે, તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. આ સંદર્ભે મંજૂરી મળ્યા બાદ અરજીમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન અથવા મંજૂરી મળ્યા બાદ બે માસમાં યાત્રા કરવાની રહેશે અન્યથા મંજૂરી આપોઆપ રદ્દ થયેલી ગણાશે, અને તે પછી યાત્રા કરવાની હોય તો, નવેસરથી મંજૂરી મેળવવાની રહેશે. આવી મંજૂરી મેળવ્યા વિના કરેલ યાત્રા માટે સહાય મળવાપાત્ર થશે નહીં.

(૨૧) યાત્રા પૂર્ણ થયા બાદ આ યોજના હેઠળ સહાય મેળવવા માટે યાત્રા કઇ તારીખે કરવામાં આવેલ છે તેની વિગતો સાથે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની ૧૬ વિભાગીય કચેરીઓ ખાતે લેખિતમાં અથવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૨૨) યાત્રાળુ દહનશીલ પદાર્થ કે કેફી પદાર્થ કે કોઇ પ્રતિબંધિત / ગેરકાયદેસર પદાર્થ સાથે લઇ જઇ શકશે નહીં.

(૨૩) યાત્રાળુઓએ જે તે તીર્થસ્થાનોના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૪) યાત્રા દરમ્યાન થનાર આકસ્મિક દુર્ઘટના માટે રાજ્ય સરકાર કે તેના કોઇ અધિકારી/કર્મચારી જવાબદાર રહેશે નહીં.

યોજના અંગેનો ખર્ચ:-

આ યોજના અંગેનો ખર્ચ મુખ્ય સદર ૫૪૫૨-૧૦૪-૦૨-ટીઆરએસ-૩૭ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ-૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ (પ્લાન) હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫/૪/૨૦૧૭ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય પટેલ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા).
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લિ., અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પ્રવાસન કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિ., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સર્વે તિજોરી અધિકારીશ્રી
- પસંદગી ફાઇલ.

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૪/૪/૨૦૧૭ ના ઠરાવ ક્ર. બજટ-૧૦-૨૦૧૫-૮૫૬૬૫૦-ચ નું બિડાણ

## પરિશિષ્ટ - ૧

**ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે "શ્રવણ તીર્થદર્શન યોજના" હેઠળ સહાય મેળવવા માટેની અરજીનો નમુનો:-**

| ક્રમ | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | ગૃપના વડા/સંસ્થાના વડા/ટ્રાવેલ એજન્સીનું નામ:-<br>સરનામું:.................................................<br>.................................................<br>.................................................<br>ફોન નં.:- ઘર ..................<br>ઓફીસ ..................<br>મોબાઇલ ...............<br>ઇ-મેઇલ .................. | |
| ૨. | પ્રવાસીઓની કુલ સંખ્યા:- | |
| ૩. | યાત્રાની તારીખ અને સ્થળની વિગતો | |
| ૪. | તમામ પ્રવાસીઓ અરજીની તારીખે ૬૦ વર્ષથી વધુ વયના છે? | હા / ના, |
| ૫. | જો તમામ પ્રવાસીઓ અરજીની તારીખે ૬૦ વર્ષથી વધુ વયના ન હોય તો, તેવા પ્રવાસીઓના નામ, તેઓના પતિ/પત્ની સિનીયર સિટીઝન છે કે કેમ?, તેઓ ડોક્ટર/કમ્પાઉન્ડર છે કે કેમ? અથવા વૃધ્ધાશ્રમના એટેન્ડન્ટ છે કે કેમ? તેની પુરાવા સાથેની વિગતો: | |
| ૬. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) મારફતે પ્રવાસ કરવાનો છે કે ટ્રાવેલ એજન્સી દ્વારા તેની વિગતો (ટ્રાવેલ એજન્સીના નામ અને બેંક એકાઉન્ટની વિગતો સાથે) : | |

| | | |
|---|---|---|
| ૭ | ટ્રાવેલ એજન્સી મારફતે પ્રવાસ કરવાનો હોય તો, એજન્સી એસ.ટી. નિગમના માન્ય ટ્રાવેલર છે કે કેમ? | |
| ૮. | (૧) માત્ર વૃધ્ધાશ્રમના વડિલોનો પ્રવાસ હોય તો, વૃધ્ધાશ્રમનું નામ અને સરનામું, વૃધ્ધાશ્રમના વડિલોના નામ અને ઉંમરની વૃધ્ધાશ્રમ દ્વારા પ્રમાણિત કરેલ યાદી બિડવી.<br>(૨) વાહન કઇ એજન્સીનું ઉપયોગમાં લેવાશે તેની વિગતો: | |
| ૯. | પ્રવાસ કરનાર તમામ પ્રવાસીઓના નામ, ઉંમર અને રહેઠાણના પુરાવા તથા બે પાસપોર્ટ સાઇઝના રંગીન ફોટા સાથેની યાદી બીડેલ છે કે કેમ? | |
| ૧૦. | યાત્રા માટે એટેન્ડન્ટ તરીકે ૬૦ વર્ષથી નીચેની વયના વ્યક્તિઓને લઇ જવાના હોય તો, તેઓની જન્મ તારીખ સાથેની વિગતો બીડવી. | |

## પરિશિષ્ટ - ૨

ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે "શ્રવણ તીર્થદર્શન યોજના" હેઠળ કરેલ પ્રવાસ અંગે યાત્રાધામના પ્રમાણપત્રનો નમુનો:-

---

તા...../....../........

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગુજરાત સરકારની "શ્રવણ તીર્થદર્શન યોજના" હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા તા. / / ના પત્ર ક્ર. ............................................ થી આપવામાં આવેલ મંજુરી અન્વયે ................................................................................ સંસ્થા/ગૃપ/ટ્રાવેલ્સ દ્વારા ...................................... મંદિરનો પ્રવાસ તા. / / ના રોજ એસ.ટી./ખાનગી ટ્રાવેલ્સ/સંસ્થાની બસ નં. ........................... દ્વારા પ્રવાસ કરેલ છે, જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

અધિકૃત અધિકારી

............................. યાત્રાધામ

................................................................................................

*નોંધ:- જે તે યાત્રાધામે તેઓના લેટરપેડ ઉપર આ પ્રમાણે પ્રમાણપત્ર આપવાનું રહેશે.

<u>Appendix - 3</u>

Application Form for the Financial Assistance under **"Shravan Tirthdarshan Yojna"** for Senior Citizens of Gujarat.

1. Name of Authorized Travel Agent/
   Organizer/Group Leader/Organization:-
2. Type of Bus (S.T./Private Bus):-
3. List of Pilgrims:-

| No. | Name & Address | District | Birth date | Aadhar Card No. |
|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

<u>પરિશિષ્ટ - ૪</u>

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમની વિભાગીય કચેરીઓની યાદી:

(૧) અમદાવાદ
(૨) નડીયાદ
(3) વડોદરા
(૪) ભરૂચ
(૫) સુરત
(૬) વલસાડ
(૭) ગોધરા
(૮) રાજકોટ
(૯) જામનગર
(૧૦) જુનાગઢ
(૧૧) ભાવનગર
(૧૨) અમરેલી
(૧૩) હિંમતનગર
(૧૪) મહેસાણા
(૧૫) પાલનપુર
(૧૬) ભુજ